## -: ઈમામ હુસૈન (અ.સ.) ના જિસ્મે મુબારક પર ઝખ્મો ની હકીકત :-

તારીખસાઝ બયાન કરે છે કે, સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.) ના બદને અત્હર પર એ ગિન્તીના ઝખ્મો હતા કે, આપને હલન-ચલન કરવામાં દુશ્વારી મેહસૂસ થાતી હતી. એક રિવાયતમાં મન્કૂલ છે કે, ૭૨ ઝખ્મ આપના બદને મુબારક પર એવા હતા કે જે જોઈ શકાતા હતા. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, ૨૩ ઝખ્મ નેઝાના, ૩૫ ઝખ્મ તલવારના અને બીજી રિવાયતમાં ૭૦ ઝખ્મ શમ્શીરના અને ૭૦ ઝખ્મ નેઝાના, જે આપના બદને અત્હર પર નુમાયા હતા. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, સૈયદુશ્શોહદા હુસૈન (અ.સ.) ૩૩૨ ઝખ્મથી ચૂર ચૂર હતા. રાવીએ જૉંસોઝ પોતાના મરસીયામાં લીખે છે કે, આપના બદને અત્હર પર ૧૯૫૦ નાના-મોટા ઝખ્મો હતા. આપને એ મુજબના તીર લાગા હતા કે તીરની નોકો આપના જિસ્મમાં પૈવસ્ત થઈ ગઈ હતી, તીર ને તોડી નાખવામાં આવા હતા અને એવું લાગતું હતું કે, આપના જિસ્મમાંથી તીરોના પડ નીકલી આવા હોય. આપના આ તમામ ઝખ્મો આપની છાતીને ઉપર લાગા હતા તેથી આપ આપનું મોં ન્હોતા ફેરવતા અને જંગ તેમજ વાર કરવા સામે ચાલીને જાતા હતા, યહૉં તક કે આપ શહાદતે રફીઆથી ફાઈઝ થયા. જે વક્ત ઝખ્મોની ગિન્તી વધી ગઈ અને આપની છાતી બેસી ગઈ, આપની મસ્નદે ઈમામત ચૂર થઈ, તો થોડો વક્ત આપ ઊભા રહ્યા, તે વક્ત લઈન અબુલ હનૂક આવો, આપની પૈશાની મુબારક પર તીર મારો અને આપે જયારે તીર ખેંચોં તો આપના ચેહરા પરથી ખૂન જારી થયું.

તિશ્નાલબ ઈમામ આલી મકામે ફરમાવું કે, અય રબ્બુલ આલમીન ! તું જોઈ છે અને જાણે છે કે, તારી રઝામંદીની રાહમાં આ ખાકસારે કેટલી મુસીબતો ઉઠાવી. અય હક્કતઆલા ! તું દુશ્મનોને તેમના આ શર કામનો બદલો દુનિયા અને ઉકબામાં ઝરૂર આપજે. આ ફરમાવીને આપે આપનો ફાટેલો જામો હાથમાં લીધો અને ચાહું કે, આપની પૈશાની પરથી ખૂનને લૂંછે, તો તે જ વક્ત એક ઝેહરીલો ત્રણ ફલ્લાનો તીર આપના સીના મુબારક પર લાગો, જે ઊલૂમે રબ્બાનીનો ખઝાનો હતો; તે વક્ત આપે ફરમાવું, “બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વઆલા મિલ્લતે રસૂલિલ્લાહે.” આ કહી આપે આસ્માન તરફ નઝર કીધી અને ફરમાવું કે, અય રબ્બુલ આલમીન ! તું જાણે છે કે, આ ભૂંડા દુશ્મનો તેને શહીદ કરે છે કે જે આજે ઝમાન-ઝમીનમાં આ ફરઝંદે રસૂલ સિવાય કોઈ ઈમામે હક્ક નથી. આપે એ તીર જે વક્ત ખેંચો તો ખૂનની નહેર જારી થઈ. આપે ખૂનને આપના ખોંભલામાં લીધું અને આસ્માન તરફ ફેંકું કે, એક કત્રો ઝમીન પર ન પડો જેના સબબ આસ્માનની મગરિબ તરફની સુરખી ઝિયાદહ થઈ. તે બાદ આપે પાછું ખોભલામાં ખૂનને લીધું અને આપના માથા પર અને ચેહરએ અન્વર પર મલું અને ફરમાવવા લાગા કે, આ જ મુજબ ખૂનનો ખિઝાબ લઈને હું મારા નાનાજી સાહેબ સાથે મહેશરમાં મુલાકાત કરીશ. તે બાદ સૈયેદુશ્શોહદા નૂરે ચશ્મે સૈયેદુલ ઔસિયા પૈદલ ચાલવા લાગા.

કોઈની હિમ્મત કે જુર્અત ન્હોતી કે, આપને નઝદીક આવે. કેટલાક સિપાહીઓ ડરના સબબ અને કેટલાક શરમના સબબ હટી જાતા હતા. આ બેકસીની હાલતમાં મલઊન માલિક બિન બશીરે આપના સરે મુબારક પર એવી ઝરબત મારી કે, આપની પાઘડી ખૂનથી તર-બ-તર થઈ ગઈ. આપે ફરમાવું કે, “અય શકી ! તુંને આ હાથથી જમવાનું અને પીવાનું નસીબ નહીં થાય અને કાફિરોને સાથે તારો હશર થાય.” ઈમામ હુસૈન (અ.સ.) ના આ ફિટકારથી એ ઝાલિમની એ ખરાબ હાલત થઈ કે, એના બેવે હાથ સુકાઈ ગયા અને તે ગરમીની મૌસમમાં ચાબુક જેમ સખત થઈ જાતા હતા અને શરદીમાં તેમાંથી ખૂન જારી થાતું હતું. આ જ બદતરીન હાલતમાં એ મલઊન વાસિલે જહન્નમ થયો. ઈમામ હુસૈન આલી મકામના આ મુજબના હઝારો મોઅજિઝાત કિતાબોમાં મૌજૂદ છે જે આપની શહાદત પહેલા અને પછી વાકેઅ થયા છે. ★